

(તસવીર : નટુભાઈ પટેલ)

# મેઘરાજાની ધીમી ધારે પધરામણી થતાં ચિલોડા પંથકના ખેડૂતોમાં આનંદની લાગણી

ચિલોડા, તા. ૨૨

છેલ્લા એક માસથી વરસાદની રાહ જોઈ રહેલા ચિલોડા પંથકના ધરતીપુત્રોને અષાઢી વરસાદના પ્રારંભથી હર્ષની લાગણી અનુભવાયી છે. ધીમી ધારે વર્ષાઋતુનો પ્રારંભ થતા વરસાદી ખેંચના કારણે મુરઝાવા લાગેલા શાકભાજી સહિતના પાકોને જીવનદાન મળ્યું છે. અને મગફળી જેવા પાકોમાં ઉધઈની જીવાત પડવા લાગી હતી તેનો નાશ થશે તેવી ખેડૂતોમાં આશા બંધાઈ છે.

ખરીફ પાકો જેવા કે મગફળી, કપાસ, ડાંગર, જુવાર તથા લીલા શાકભાજી વરસાદના અભાવે મુરઝાવા લાગ્યા હતા જેના કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપેલી હતી. છેલ્લા એકાદ માસથી ચોમાસુ બેસવાની આશા રાખી રહેલા ખેડૂતો સાથે વરસાદે સતત સંતાકૂકડી રમવાનું ચાલુ રાખ્યું હતું. જો કે ગઈકાલથી પ્રારંભ થયેલા ધીમી ધારના વરસાદે ચિલોડા પંથકના ખેડૂતોને સારા ચોમાસાની આશા બંધાઈ છે. આ સાથે મગફળીના પાકમાં છેલ્લા કેટલાક દિવસથી ઉધઈનો રોગ ફેલાવા લાગ્યો હતો જે વરસાદથી નાબુદ થશે તેવી અપેક્ષા કિસાનો રાખી રહ્યાં છે.

# કોલવડાની મહિલાને મારઝુડ કરી દાગીના લૂંટી જનાર આરોપી અમદાવાદથી ઝડપાયો

## પોલીસે કાર નંબરના આધારે વિગતો મેળવી આરોપીને દબોચી લીધો હતો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના કોલવડા ગામની મહિલાને સે. ૨૫ જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી કારમાં નાખી એક કાર ચાલક ઉઠાવીને લઈ ગયો હતો અને કારમાં જ મહિલા સાથે મારઝુડ કરી તેના રૂ. ૧૫ હજારના દાગીના લઈ કારમાંથી મહિલાને નીચે ઉતારી નાશી ગયો હતો. જે આરોપીની પોલીસે આજે ધરપકડ કરી હતી.

ગાંધીનગર સે. ૨૫ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ગત ૧૩મી જુલાઈના રોજ કોલવડા ગામની સુર્યાબા વાઘેલા પોતાના કામ અર્થે આવી હતી. જ્યાં કોઈ અજાણી સેન્ટ્રો કારનો ચાલક મહિલાને ઉઠાવી કારમાં નાખી લઈ ગયો હતો. બાદમાં કારમાં જ મારઝુડ કરી મહિલાના સોનાના દાગીના લૂંટી લઈ તેને ભાટ પાસે છોડી મુકી હતી જે બનાવ અંગે ભોગ બનનાર મહિલાએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કારના નંબરના આધારે તપાસ શરૂ કરી હતી. જેમાં પોલીસે અમદાવાદથી સલીમમીયા હુસેન મીયા રાઠોડની ધરપકડ કરી હતી. આરોપી છેલ્લા ઘણા સમયથી આ પ્રકારના ગુનાને અંજામ આપી ચૂક્યો છે. પોલીસે આજે વધુ પુછપરછ માટે કોર્ટમાં રજૂ કરી રીમાન્ડ મેળવ્યા હતા. જે અંગે સે. ૨૧ પોલીસના પી.એસ.આઈ. સી.બી. ચૌહાણ તપાસ ચલાવી રહ્યા છે.

# ... અને ગાય ખીજવાઈ

ગાંધીનગર, તા. ૨૨

ક્યારેક એવુ પણ બનતુ હોય છે કે તમે ધરમ કરવા જાઓ અને તમારે ત્યાં જ ધાડ પડે. આવો જ એક અનુભવ ગાંધીનગરના બે નગરજનોને આજે થવા પામ્યો હતો. જેમાં એક વાછરડાંને કૂતરાંથી બચાવવાનો પ્રયત્ન કરનારને ગાયે ભેટે ચડાવી દીધા હતા.

અબોલ જીવોમાં પણ લાગણીના તાંતણા એટલા મજબૂત હોય છે કે ક્યારેક તેમાં છેડછાડ થાય તો આ પ્રાણીઓ ઉશ્કેરાઈ જતા વાર નથી કરતા. એમાં પણ જ્યારે વાત મમતાની હોય ત્યાં માનવી જેટલુ જ મમત્વ પ્રાણીઓમાં પણ જોવા મળે છે. ગાંધીનગરના સે. ૫માં આજે મસ્જિદ સામે એક ગાયની પ્રસુતિ થઈ અને સરસ મજાના વાછરડાંને જન્મ આપ્યો. તાજાં જન્મેલા વાછરડાંને શારિરિક નબળાઈના કારણે ચાર પગે ઉભા થવામાં તકલીફ પડી રહી હતી. ત્યારે તેની માતા પણ તેની મદદ કરી તેને ઉભુ કરવા પ્રયત્ન કરી રહી હતી. આ દરમ્યાન એક રહીશ તેમનો પાળેલો મોટો ડાઘીયો કૂતરો લઈ ચાલવા નીકળ્યા હતા. આ કૂતરાએ અચાનક ભસતા ભસતા કૂમળા વાછરડા પર હૂમલો કરી દીધો તેથી હેબતાઈ ગયેલી ગાય થોડે દૂર ચાલી ગઈ હતી.

આ દરમ્યાન કૂતરાના હૂમલાથી વાછરડાને બચાવવા બે જીવદયા પ્રેમી નગરજનો લાકડી લઈ વાછરડાં પાસે પહોંચી ગયા અને કૂતરાને ભગાડી દીધો. દૂર ઉભેલી ગાયે પોતાના વ્હાલસોયા પાસે લાકડી લઈને ઉભેલા માણસો જોતા તેઓ વાછરડાંને મારવા આવ્યા હોય તેવું તેને લાગ્યું એટલે એક પળની રાહ જોયા વગર ગાયે દોડી આવીને બંને નગરજનોને ભેટે ચડાવ્યા. જગ્યા પણ એવી હતી કે આસપાસની ઝાડીઓના લીધે બંને નગરજનો એવા ફસાયા હતા કે ગાયે લગભગ દસેક મિનિટ સુધી તેમને ભેટે ચડાવે રાખ્યા હતા. અંતે માંડ માંડ ગાયને દૂર ધકેલી તેમણે છુટકારો મેળવ્યો પરંતુ વાછરડાને બચાવવા જતા બંનેને ઈજાગ્રસ્ત થવુ પડ્યું હતું.

# સે-૨૪ અને ૫ સીએનજી ફીલીંગ સ્ટેશન ખાતે પેટ્રોલ, ડીઝલનું વિતરણ કરવા રજૂઆત કરાઈ

## ‘ક’, ‘ખ’ રોડ ઉપર આવેલા સેકટરના રહીશોને છેક ઘ-૫ કે પથિકાશ્રમ સુધી લાંબુ થવું પડે છે

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં સી.એન.જી. વાહનોની સંખ્યા વધવાના કારણે જીએસપીસી દ્વારા સે-૨૪, ૫ ખાતે સીએનજી પંપ કાર્યરત કરવામાં આવ્યા છે. આ પંપ ઉપર પેટ્રોલ અને ડીઝલનું વિતરણ પણ કરવામાં આવે તેવી જાગૃત નાગરિકે લેખિત રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરમાં વસતા વિરાભાઈ પટેલ નિવૃત્ત મદદનીશે જીએસપીસીના મેનેજીંગ ડાયરેકટરને લેખિત રજૂઆત કરતા જણાવ્યું છે કે શહેરનો વિકાસ વધવાની સાથે વિસ્તાર પણ વધ્યો છે. એક સમય માટે ‘ઘ’ રોડ ઉપર મુખ્ય વસાહતીઓ રહેતા હતા પરંતુ હવે વાવોલ, કોલવડા, ‘ક’ રોડ પાસે પણ નવી સોસાયટીઓ નિર્માણ પામી છે.

આ વિસ્તારમાં રહેતા વાહન ચાલકોને પેટ્રોલ ડીઝલ ભરાવવા માટે ઘ-૫ કે પથિકાશ્રમ સુધી આવવું પડે છે. ત્યારે જીએસપીસી દ્વારા સે-૨૫ અને સે-૫ ખાતે સીએનજી પંપ કાર્યરત કરવામાં આવ્યો છે. આ પંપ કાર્યરત થવાથી સીએનજી વાહન ચાલકોને પડતી હાલાકીનું સમાધાન થઈ ગયું છે.

ત્યારે સેકટર-૨૪ અને સેકટર-૫ સીએનજી પંપ ખાતે પેટ્રોલ અને ડીઝલનો પંપ કાર્યરત કરવા રજૂઆત કરવામાં આવી છે અહીંયા પેટ્રોલ ડીઝલનું વેચાણ કરવામાં આવશે તો આજુબાજુના વાહન ચાલકો માટે આશીર્વાદ રૂપ સાબિત થશે. હાલમાં વાહનચાલકે સીએનજી ગેસ પુરાવ્યા બાદ પુનઃ પેટ્રોલનું વિતરણ કરતા ફીલીંગ સ્ટેશન ખાતે પહોંચવું પડતું હોય છે. જેનાથી સમયનો વ્યય પણ થાય છે.

# સે-૧૫માં ઝાડ પરથી પટકાતા અજાણ્યા યુવાનનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૧૫ સ્થિત ઈન્કવાયરી પાસે ઝાડ પરથી પટકાતા અજાણ્યા યુવાનનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ મામલે સે-૭ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના સેકટર-૧૫ સ્થિત ઈન્કવાયરીના પાછળના ભાગે આજે સવારે અજાણ્યો યુવાન ઝાડ પર ચઢી લાકડા તોડી રહ્યો હતો. અંદાજીત ૩૫ વર્ષીય યુવાન અચાનક જ ઝાડ પરથી નીચે પટકાતા માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. બે અઢી કલાક બાદ આ ઘાયલ યુવાન પર રાહદારીની નજર પડતા તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ૧૦૮ની ટીમે યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યો હતો. યુવાનની હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન તેનું કરૂણ મોત નિપજયું હતું. આ મામલે સે-૭ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# વી કેર ફાઉન્ડેશનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

વી કેર ફાઉન્ડેશન દ્વારા યોગ સેમિનરનો કાર્યક્રમ યોજાયો હતો. કલોલ સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ ખાતે અને ગુજરાત સ્ટેટ જયુડશીયલ એકેડમીમાં અષ્ટાંગ યોગનું નિદર્શન કરવામાં આવ્યું હતું. યોગ દ્વારા સકારાત્મક અભિગમ કેળવવા સહિતની માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જે.સી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મુસાફરો ભરેલી એસ.ટી. બસ વહેલી સવારે ચ-૨ સર્કલમાં ઘુસી ગઈ

## તમામ મુસાફરોનો આબાદ બચાવ : બસ ભુજથી ગાંધીનગર આવી રહી હતી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના ‘ચ’માર્ગ પર આજે વહેલી સવારે મુસાફરો ભરેલી ભૂજ-ગાંધીનગરની એસ.ટી. બસ ‘ચ-૨’ સર્કલ તોડી અંદર ઘુસી ગઈ હતી. જેથી મુસાફરોની ચીચીયારીઓ વચ્ચે જાય છે અને મોટુ નુકશાન સર્જે છે. શહેરના ચ-માર્ગ પર બમ્પ ન હોવાના લીધે વાહન ચાલકો પોતાના વાહન બેફામ ગતિએ દોડાવે છે અને વચ્ચે આવતા સર્કલ પર પહોંચતા જ સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવતા ડેપોની ભૂજ-ગાંધીનગર રૂટની એસ.ટી. બસ આજે વહેલી સવારે ૬.૩૦ કલાકે આઠ જેટલા મુસાફરો ભરી ગાંધીનગર આવી રહી હતી. દરમિયાન બસના ચાલકે સ્ટીયરિંગ પરનો અચાનક જ કાબુ ગુમાવતા



(તસવીર : દિપક જાની)

જીવ પડીકે બંધાયા હતા. જો કે અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરના માર્ગો પરના મોટા મોટા તોતીંગ સર્કલો અકસ્માત ઝોન બની ગયા છે. વારંવાર નાના-મોટા વાહન આ સર્કલને તોડી અંદર ઘુસી અકસ્માતને નોતરે છે. વારંવાર અકસ્માતથી તુટી જતા સર્કલનું સમારકામ થતા જ ટૂંકા ગાળામાં પુનઃ સર્કલ તુટી જાય છે. આથી સર્કલને નવીન બનાવવાના બદલે થોડા નાના નાના કરવામાં આવે તો મહ્દઅંશે અકસ્માત નિવારી શકાય છે. આ ઘટનાની વિગત એવી છે કે ગાંધીનગર મુસાફરો ભરેલી બસ સર્કલની ગ્રીલ તોડી અંદર ઘુસી ગઈ હતી. આથી બસમાં સવાર મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા. જો કે બસ સર્કલ પાસે આવી સ્થિર થઈ જતા મુસાફરોએ હાંસકારો લીધો હતો. આ અકસ્માતમાં મુસાફરોને કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામી નથી.

# ‘વિરોધ પક્ષ’ નહીં, ‘અન્ય પક્ષ’ કહો’ : ડૉ. સોમભાઈ પટેલ

## ‘વિરોધ પક્ષ’ શબ્દ માત્ર વિરોધ જ કરવો તેવી નકારાત્મકતા ફેલાવે છે : ‘અન્ય પક્ષ’ શબ્દથી પ્રજાકીય રચનાત્મકતા વધશે

ગાંધીનગર, તા. ૨૨

શબ્દોના અર્થની માનસિક અસરો થતી હોય છે અને તે વર્તનમાં પણ પુરેપુરી પરિણમતી હોય છે. ભારતના બંધારણમાં ‘શાસકપક્ષ’ અને ‘વિરોધ પક્ષ’ એવી કાયદાકીય જોગવાઈ છે તે પૈકી ‘વિરોધ પક્ષ’ શબ્દ તેની નકારાત્મક અસરો પેદા કરી રહ્યો છે તેવુ કડી સર્વ વિદ્યાલયના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલનું માનવું છે. તેમના મતે બંધારણમાં ‘વિરોધ પક્ષ’ શબ્દમાં ફેરફાર કરી ‘અન્ય પક્ષ’ એવો શબ્દ ઉમેરવો જોઈએ.

બંધારણમાં વપરાયેલા ‘વિરોધ પક્ષ’ શબ્દના કારણે માત્ર આંખો મીંચીને વિરોધ જ કર્યા કરવો એટલી હદે આ શબ્દે તેની અસરકારકતા બતાવી છે, પરિણામે રાજકીય ક્ષેત્રના આગેવાનોનું અપશિક્ષણ થઈ રહ્યું છે. ભારતના નાગરિકોના સુખ, શાંતિ અને સમૃદ્ધના માર્ગમાં મોટી ખલેલ પડી રહી છે, જેનાથી બચવું જરૂરી છે. આ માટે બંધારણીય સુધારો જરૂરી છે. ‘વિરોધ પક્ષ’ શબ્દની જગ્યાએ ‘અન્ય પક્ષ’ શબ્દ કરવાથી મોટા માનસિક પરિવર્તનો થશે.

‘અન્ય પક્ષો’ પ્રજાકીય રચનાત્મક કાર્યોની દિશામાં વળશે સાથે પ્રજાકીય ચાહના પણ મેળવશે. અત્યારે જે જોવા મળી રહી છે તે પોતાની લીટી લાંબી દેખાડવા સામેનાની લીટી ટૂંકી કરવાની વૃત્તિના બદલે પોતાની લીટી લાંબી કરવાના રચનાત્મક પુરૂષાર્થની દિશામાં વળશે તેવું ડૉ. સોમભાઈ પટેલનું મંતવ્ય છે.

(તસવીર : કશ્યપ નિમાવત)



સેક્ટર-૬માં સવારનાં સુમારે ગાય બિમાર હાલતમાં હતી. સ્થાનિકે ‘જલારામ હેલ્થ લાઈન’ને જાણ કરતાં તુરંત ડૉક્ટર આવી પહોંચ્યા અને સમયસર સારવાર થતાં ગાયનો જીવ બચી ગયો હતો.

# કથળતા જતા શિક્ષણ અંગે શહેર જાગૃત નાગરિક પરિષદ ચિંતિત

ગાંધીનગર, તા. ૨૨

પ્રગતિશીલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દાયકાઓ થવા છતાં અમલી બની નથી. પાટનગર ગાંધીનગરમાં શિક્ષણક્ષેત્રે અંધારા જેવી હાલત છે. આદિવાસી વિસ્તારની પૂર્વ પટ્ટીમાં કંપારી આવે તેવી શિક્ષણની હાલત છે.

વાંચે ગુજરાત અભિયાન, પ્રવેશોત્સવ, ગુણોત્સવ, શિક્ષણ ચિંતન શિબિર જેવા કાર્યક્રમો કરવા છતાં ગુણાત્મક શિક્ષણમાં ફેર પડ્યો નથી. શિક્ષણનું સ્તર કથળતું ગયું છે. ગાંધીનગર જિલ્લામાં ૫૦ ટકા વિદ્યાર્થીઓ લખતાં વાંચતા ગણતાં આવડતું નથી. જે શિક્ષણ જગતની શરમ છે.

શિક્ષણ સુધારણા માટે અનેકવિધ વહીવટી વ્યાવસાઈક અખતરા કરવામાં આવે છે. પરંતુ સફળ થયા નથી તેને ખેલદિલીપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. શિક્ષણમાં કોઈપણ ક્ષેત્રની જવાબદારી ન હોવાથી શિક્ષણની ઘોર ખોદાઈ રહેલ છે.

સરકારશ્રીના તા. ૧-૪-૨૦૧૦ના ઠરાવથી કોઈ વિદ્યાર્થીને કાઢી શકાશે નહિ કે કોઈ ધોરણમાં નાપાસ કરી શકાશે નહિ. આવી ગેરવ્યાજબી નીતિથી શિક્ષણ કથળ્યું છે. ધોરણ-૯માં પ્રવેશ લેતા વિદ્યાર્થીને કશું જ આવડતુ નથી.

આ અંગે વિસ્તૃત રજુઆત સરકારમાં શ્રી લવજીભાઈ વાડીઆ પ્રમુખશ્રી ગાંધીનગર શહેર નાગરિક પરિષદે કરેલ છે.



છેલ્લા ૩ દિવસથી એક ગાય સેક્ટર-૬ જ-ટાઈપ સરકારી વસાહત પાસે કણસતી સ્થિતિમાં પડી રહી અને સારવાર ન મળવાને કારણે આજે પોતાનો જીવ ગુમાવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધી મિત્ર વર્તુળની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગરની બેઠક તા. ૨૫ જુલાઈના રોજ માસના ચોથા શનિવારે ૬૨૯, વાસ્તુ નિર્માણ સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે સાંજે ૫-૦૦ કલાકે યોજાશે. જેમાં ગાંધી મિત્ર વર્તુળના તમામ ગાંધીજનોએ અચુક હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે.

# ગાંધીનગરના જન્મ દિવસની ઉજવણી એના ગુણગાન ગાતાં કાવ્યોની સંગતે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર વસાહત મંડળ અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે ગાંધીનગર શહેરના જન્મ દિવસની પૂર્વસંધ્યાએ એટલે કે પ્રથમ ઓગસ્ટે એક વિશિષ્ટ કાવ્ય પઠનનો કાર્યક્રમ સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને યોજાયો છે.

ગાંધીનગર શહેરના ઝળહળતા ૫૦ વર્ષ પૂર્ણ થયાના પ્રશસ્તી કાવ્યો-ગીત-ગઝલ લખી શહેર વસાહત મંડળના અરૂણ બુચ - ૯૮૨૫૦૧૮૧૩૪ અથવા કિશોર જિકાદરા - ૯૮૭૯૪૭૫૧૩૦ને દિનાંક ૨૭ જુલાઈ સુધી પહોંચાડવા માટે ગાંધીનગર પ્રેમી સૌ સર્જકોને ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬

સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૯ ટકા ● સાંજે ૯૨ ટકા

## મનોરંજન

### સિટીપલ્સ

**સ્કીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્કીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્કીન-૩ :**
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦
બજરંગી ભાઈજાન : ૭.૦૦, ૧૦.૦૦

**સ્કીન-૪ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્કીન-૫ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧૦.૦૦

### સિનેમેક્સ

**સ્કીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૯.૦૦, ૧૨.૧૦, ૩.૩૦, ૬.૫૦, ૧૦.૧૦

**સ્કીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧૧.૧૦, ૨.૩૦, ૫.૫૦, ૯.૧૦

**સ્કીન-૩ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૩૦, ૧.૪૦, ૪.૫૦, ૮.૦૦

**સ્કીન-૪ :**
બાહુબલી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર વિમર્શ થઈ શકશે. વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**વૃષભ** : વિશેષ ઉન્નતિકારક યોગના કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબૂ રાખવો. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે.

**મિથુન** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

**કન્યા** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : વિશેષ નાણાંકીય વિચાર-વિમર્શનો યોગ, આર્થિક ક્ષેત્રમાં લાભદાયક કાર્ય થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગદોડ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**વૃશ્ચિક** : માંગલિક, ધાર્મિક કાર્યમાં અડચણની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

**ધન** : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : નવા કાર્યો માટે ભાગદોડ રહેશે. ભાગીદારીથી વિશેષ લાભ મળશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે.

## ચિરવિદાય

- સ્વ. લસીબેન પસાભાઈ પરમાર (ઉ.વ.૭૩) મુ. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. જેસીંગભાઈ ફતાભાઈ બજાણીયા (ઉ.વ.૬૦) મુ. ધણપ, તા.જી. ગાંધીનગર
- સ્વ. હેમાજી અલુજી વણઝારા (ઉ.વ.૫૨) મુ. બોરીજ, તા.જી.ગાંધીનગર